# અમદાવાદમાં ભારે વરસાદના પગલે જળબંબાકાર

## કલાકોના ગાળામાં જ ૯.૫ ઇંચ સુધીનો વરસાદ નોંધાયો : ગુરુવારે વરસાદની શરૂઆત થયા બાદ રાત્રિ ગાળામાં ભારે વરસાદ






અમદાવાદ, તા.૫

અમદાવાદ શહેરમાં પણ ભારે વરસાદના કારણે ચારે બાજુ જળબંબાકારની સ્થિતી સર્જાઇ ગઇ હતી. મોડી રાત્રે શરૂ થયેલા ભારે વરસાદનો દોર સવાર સુધી જારી રહેતા જનજીવન સંપૂર્ણપણે સવારમાં ખોરવાઈ ગયુ હતુ. જો કે, બપોર બાદ સ્થિતિ રાબેતામુજબ બની હતી. રાત્રે ભારે વરસાદના કારણે તમામ વિસ્તારમાં પાણી ભરાયા હતા. અમદાવાદમાં જુદા જુદા વિસ્તારમાં ૯.૫ ઇંચથી વધારે વરસાદ થતા અનેક વિસ્તારોમાં તો લોકોના ઘરમાં પાણી ઘુસી ગયા હતા. ભારે વરસાદના કારણે શહેરના તમામ અંડરપાસ બંધ કરી દેવાની ફરજ પડી હતી. જો કે, તંત્ર દ્વારા ચાલુ રાખવામાં આવેલી કામગીરીના પરિણામ સ્વરુપે સવારે આઠ વાગ્યા સુધીમાં માત્ર પરિમલ અન્ડરપાસ અને અખબાર નગર અન્ડરપાસ સિવાય બાકીના તમામ અન્ડરપાસને ખોલી દેવામાં આવ્યા હતા. જો કે, મોડેથી આ બંનેને પણ રાબેતા મુજબ ચાલુ કરી દેવામાં આવ્યા હતા. જેથી લોકોને રાહત થઈ હતી. જેથી વાહન વ્યવહાર પણ ઠપ થઈ ગયો હતો. ભારે વરસાદના કારણે પરિમળ અંડરપાસ, મીઠાખળી અંડરપાસ, લક્ષ્મિણી અંડરપાસ, અખબાર નગર અંડરપાસ, ઉસ્માનપુરા અંડરપાસને બંધ કરવાની ફરજ પડી હતી. જેથી બસ સેવા પણ ઠપ થઇ ગઇ હતી. આજે સવારે વરસાદમાં મોડીથી બ્રેકની સ્થિતી મુકાઈ હતી. જો કે અનેક દુકાનો અને ઘરમાં જુદા જુદા વિસ્તારમાં પાણી ભરાઇ ગયા હતા. શહેરની પૂર્વ વિસ્તારમાં આવેલી તમામ સ્કુલોમાં સવારમાં રજા જાહેર કરવામાં આવી હતી. ઘણી બંધી સોસાયટીમાં ઘરમાં પાણી ઘુસી ગયા હતા. દરમિયાન ભારે વરસાદના કારણે ગોમતીપુર વિસ્તારમાં અરવિન્દ મિલની દિવાલ ધરાશાયી થતા કેટલાક વાહનોને નુકસાન થયુ છે. છેલ્લા બે દિવસથી ભારે ગરમીનો અનુભવ થયા બાદ હવે ભારે વરસાદ થયો છે અમદાવાદના સેટેલાઈટ, બોપલ, થલતેજ, નારણપુરા સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ થયો હતો. મધ્યઝોનમાં સૌથી વધારે વરસાદ થયો હતો. અહીં આઠ ઈંચથી વધારે વરસાદ થઇ ગયો છે. અમદાવાદ શહેરમાં હળવા વરસાદી ઝાપટાનો દોર યથાવતરીતે જારી રહ્યો હતો. કેટલાક વિસ્તારમાં ભારે વરસાદ પણ થયો હતો. જેથી નિચાણવાળા વિસ્તારોમાં પાણી પણ ભરાયા હતા. તંત્ર દ્વારા તમામ પગલા લેવામાં આવી ચુક્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વરસાદી પાણીના ઝડપી અને ત્વરિત નિકાલ માટે તેમજ નિચાણવાળા વિસ્તારોમાં જુદા જુદા ઝોન-વોર્ડમા તંત્ર દ્વારા આક્રમક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મોડી રાતથી ભારે વરસાદની શરૂઆત થયા બાદ સવારમાં સ્થિતી હળવી બની હતી. જો કે હવે રોગચાળામાં વધારો થાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. મચ્છરજન્ય અને પાણીજન્ય રોગના કેસમાં પણ વધારો થયો છે. તંત્ર દ્વારા તમામ પગલા લેવામાં આવી રહ્યા છે પરંતુ સ્થિતી હજુ સામાન્ય નહી બને તેવી શક્યતા છે.

શહેરમાં ભારે વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા મ્યુનિસિપલ કમિશનરે તમામ ડેપ્યુટી કમિશનરોને પરિસ્થિતિ પર સતત નજર રાકવા માટે આદેશ કર્યા હતા. બીજી બાજુ નિચાણવાળા વિસ્તારોમાં ભરાયેલા પાણીનો નિકાલ લાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. શહેરમાં ટાગોર કન્ટ્રલ રુમને ત્રણ સ્થળોએ વૃક્ષો ધરાશાયી થવાના કોલ મળ્યા હતા. અમદાવાદ શહેરમાં ગઈ રાત્રિ દરમિયાન કલાકોના ગાળામાં જ ભારે વરસાદથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રિ-મોનસુન એક્શન પ્લાનની પોલ ખુલી ગઈ હતી. શહેરમાં પૂર્વ વિસ્તારમાં આવેલા હાટકેશ્વર સર્કલમાં ભારે વરસાદના કારણે હાલત કફોડી બની હતી. અમરાઈવાડી વિસ્તારમાં એક ખાનગી બસ પાણીમાં ફસાઈ ગઈ હતી. શહેરમાં રાત્રિના ૧૧.૩૦ કલાકથી સવારે આઠ વાગ્યા સુધીમાં સરેરાશ પાંચ ઈંચ વરસાદ તુટી પડ્યો હતો. આની સાથે જ મોસમનો કુલ વરસાદ ૨૮૪.૮૭ મીમી એટલે કે ૧૧.૨૨ મીમી વરસાદ થયો હતો. સતત સંપર્કમાં રહેવા માટે અધિકારીઓને સૂચના અપાઈ છે. અમદાવાદ શહેરમાં ગઈરાત્રિના સાડા અગિયાર થી ત્રણ વાગ્યા સુધીમાં સરેરાશ પાંચ ઈંચથી લઈને સાડાનવ ઈંચ જેટલો વરસાદ ખાબકતા શહેરના અનેક નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા.

# નિતિન પટેલના મત વિસ્તારમાં સવારથી ફટાકડા ફુટતા હતા

## હું પ્રદેશ પ્રમુખ રહીશ તેમ કહેનાર રૂપાણી મુખ્યમંત્રી : નીતિન પટેલના પત્નિએ પણ સંકેત આપ્યા હતા : છેલ્લી ઘડીએ રાજકીય ચિત્ર બદલાઈ જતાં ચર્ચા

અમદાવાદ, તા.૫

ગુજરાતના મુખ્યમંત્રી પદની સ્પર્ધામાં હું નથી અને મને સંગઠનની મહત્વની જવાબદારી પક્ષે સોપી છે. તેને નિભાવવા હું વચનબદ્ધ છું. તેવું મિડિયા સમક્ષ નિવેદન કરનાર ભાજપના પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણીએ આજે મુખ્યમંત્રી તરીકે થયેલી તેમની પસંદગીનો હર્ષ ભેર સ્વીકાર કર્યો હતો અને પક્ષના આગેવાનો તથા કાર્યકરોના અભિનંદન સ્વીકાર્યા હતા. ભાજપના ધારાસભ્યોની બેઠકમાં વિજય રૂપાણીના નામની મુખ્યમંત્રીના પદ માટે સત્તાવાર જાહેરાત થયા બાદ તેમણે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહના ચરણ સ્પર્શ કરી આર્શીવાદ લીધા હતા. જ્યારે નાયબ મુખ્યમંત્રી તરીકે પસંદ થયેલા નિતિન પટેલે અમિત શાહને ભેટી અભિવાદન સ્વીકાર્યા હતા. નિતિન પટેલની મુખ્યમંત્રી પદ માટે પસંદગી લગભગ નિશ્ચિત હોવાનું બહાર આવતા આજે સવારથી જ નિતિન પટેલના મતવિસ્તાર કડી તથા મહેસાણા જિલ્લાના તેમના સમર્થકોએ હર્ષભેર ભારે આતશબાજી કરી હતી. પરંતુ છેલ્લી ઘડીએ નિતિન પટેલને મુખ્યમંત્રી પદના બદલે નાયબ મુખ્યમંત્રી પદથી સંતોષ માનવો પડ્યો હતો. ભાજપના હાઈકમાન્ડની બલિહારી છે કે જેમનું નામ લગભગ નિશ્ચિત માનવામાં આવતુ હોય તેમનું છેલ્લી ઘડીએ પતુ કપાઈ જતું હોય છે અથવા તો ફેરબદલમાં ઉતરતુ સ્થાન અપાતુ હોય છે. ગત લોકસભાની ચૂંટણીમાં ભાજપના પૂર્વ ધારાસભ્ય અને મંત્રી કૌશિક પટેલને ટિકિટ મળી હોવાના સમાચારો બહાર આવતા તેમના અમદાવાદના શાહપુર વિસ્તારમાં સમર્થકોએ ભારે આતશબાજી કરી હતી અને ઢોલ નગારા સાથે ભાજપના ખાનપુર સ્થિત પ્રદેશ કાર્યાલય ખાતે આવી મિઠાઈ વહેચી હતી. ખુદ કૌશિક પટેલે પણ ટેકેદારો, સમર્થકો અને કાર્યકરો વગેરેના અભિનંદન પણ સ્વીકાર્યા હતા પરંતુ મોડી રાત્રે તેમની ટિકીટ છેલ્લી ઘડીએ કપાઈ ગઈ હતી. ભાજપના એક અન્ય સંસદ સભ્ય હરિન પાઠકને પણ ટિકિટ મળશે તેવી સો ટકા શક્યતા વચ્ચે લોકસભાની ચૂંટણીમાં તેમની ટિકિટ કાપી પરેશ રાવલને ટિકિટ આપવામાં આવી હતી. આ રીતે ભાજપનું હાઈકમાન્ડે છેલ્લી ઘડીએ અપસેટ સર્જવા માટે ખુબ જાણીતુ છે. જેના ભાગરૂપે આજે નિતિન પટેલના બદલે વિજય રૂપાણીની મુખ્યમંત્રી પદ માટે જાહેરાત કરવામાં આવી હતી. જો કે નિતિન પટેલને નાયબ મુખ્યમંત્રી પદનો હોદ્દો આપી તેમને મનાવી લેવામાં આવ્યા છે.



# રૂપાણી ૧૬મા મુખ્યમંત્રી

અમદાવાદ, તા. ૫

ગુજરાતના નવા મુખ્યમંત્રી તરીકે વિજય રુપાણીની આજે નિમણૂંક કરવામાં આવી હતી. આની સાથે જ તેઓ ગુજરાતના ૧૬માં મુખ્યમંત્રી બની ગયા છે. ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી તરીકે ડોક્ટર જીવરાજ મહેતા હતા. જીવરાજ મહેતા ૧૯૬૦થી ૧૯૬૩ સુધી મુખ્યમંત્રી રહ્યા હતા. વચ્ચે રાષ્ટ્રપતિ શાસનનો ગાળો પણ આવી ચુક્યો છે. વર્ષ ૧૯૮૯ બાદથી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કોણ કોણ કેટલી અવધિ દરમિયાન રહ્યા તે નીચે મુજબ છે.

### ૧૯૮૯ બાદથી ગુજરાતના મુખ્યમંત્રી

| મુખ્યમંત્રી | સમયગાળો |
|---|---|
| ચીમનભાઈ પટેલ ............ | ૪-૩-૧૯૯૦થી ૭-૨-૧૯૯૪ |
| છબીલદાસ મહેતા ......... | ૭-૨-૧૯૯૪થી ૧૪-૩-૧૯૯૫ |
| કેશુભાઈ પટેલ ............ | ૭-૩-૧૯૯૫થી ૨૧-૧૦-૧૯૯૫ |
| સુરેન્દ્રચંદ્ર મહેતા ........ | ૨૧-૧૦-૧૯૯૫થી ૧૯-૯-૧૯૯૬ |
| શંકરસિંહ વાઘેલા .... | ૨૩-૧૦-૧૯૯૬થી ૨૭-૧૦-૧૯૯૭ |
| દિલીપ પારેખ ............ | ૨૮-૧૦-૧૯૯૭થી ૪-૩-૧૯૯૮ |
| કેશુભાઈ પટેલ ............. | ૪-૩-૧૯૯૮થી ૭-૧૦-૨૦૦૧ |
| નરેન્દ્ર મોદી ............ | ૭-૧૦-૨૦૦૧થી ૨૨-૧૨-૨૦૦૨ |
| નરેન્દ્ર મોદી .......... | ૨૨-૧૨-૨૦૦૨થી ૨૫-૧૨-૨૦૦૭ |
| નરેન્દ્ર મોદી .......... | ૨૫-૧૨-૨૦૦૭થી ૨૬-૧૨-૨૦૧૨ |
| નરેન્દ્ર મોદી ............ | ૨૬-૧૨-૨૦૧૨થી ૨૨-૫-૨૦૧૪ |
| આનંદીબેન પટેલ .................. | ૨૨-૦૫-૨૦૧૪થી...... |

# પ્રાંતિજના ફતેપુર આરોગ્ય કેન્દ્ર ખાતે મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી

પ્રાંતિજ, તા. ૫

ગુજરાત સરકારના મહિલા સશક્તિકરણ અને બેટી બચાવો, બેટી પઢાઓના જાગૃતિ અભિયાન અંતર્ગત સાબરકાંઠા જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના વડા ડૉ. મનીષ ફેન્સીની સૂચનાથી પ્રાંતિજ તાલુકાના ફતેપુર આરોગ્ય કેન્દ્રનો નનાનપુર, રામપુરા, દલપુર, કાટવાડ સહિતના ગામડાઓમાં ભવ્ય રેલીઓ બેનરો, વક્તૃત્વ સ્પર્ધાઓના આયોજનો મેડીકલ ઓફીસર ડૉ. નીશિત શાહના માર્ગદર્શન હેઠળ આરોગ્યની ટીમો દ્વારા કરવામાં આવ્યું હતું. તા. ૧લી ઓગષ્ટથી ૧૫મી ઓગષ્ટ સુધી બેટી બચાવો બેટી પઢાઓ અંતર્ગત ગામડાઓમાં બેનરો સાથે રેલી, વક્તૃત્વ સ્પર્ધા અને શાળા આરોગ્યની વિશેષ સમજો અને મહિલા સશક્તિકરણ અંતર્ગતના વિવિધ પ્રોગ્રામોનું આયોજન ડૉ. પ્રજાપતિ, શૈલેષ નાયી, આરોગ્ય કાર્યકરો મારફતે કરવામાં આવ્યું છે.

# રૂપાણીએ વિદ્યાર્થી કાર્યકર તરીકે કેરિયર શરૂ કરી હતી

## ઇમરજન્સી દરમિયાન જેલમાં પણ ગયા હતા : વિદ્યાર્થી કાર્યકરમાંથી રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘમાં જોડાયા હતા અને ૧૯૭૧માં જનસંઘમાં સામેલ થઇ ગયા હતા

અમદાવાદ, તા. ૫

ગુજરાતના નવા મુખ્યમંત્રી તરીકે વિજય રુપાણીની આજે નિમણૂંક કરવામાં આવી હતી. આની સાથે જ તેઓ ગુજરાતના ૧૬માં મુખ્યમંત્રી બની ગયા છે. વિજય રૂપાણી મુખ્યમંત્રી બનતા પહેલા અનેક મોટી મોટી જવાબદારીઓ સંભાળી ચુક્યા છે. બીજી ઓગસ્ટ ૧૯૫૬ના દિવસે જન્મેલા ૬૦ વર્ષીય વિજય રૂપાણી ૨૦૧૫-૧૬ના ગાળામાં જળસંશાધન મંત્રાલયનો હવાલો સંભાળી ચુક્યા છે. આનંદીબેન પટેલ પાસેથી તેઓએ મુખ્યમંત્રી તરીકેની જવાબદારી લીધી છે. જૈન વાણિયા પરિવારમાં રમણીકલાલ રૂપાણીના ઘરમાં તેમનો જન્મ થયો હતો. તેઓ બેચલર ઓફ આર્ટ્સ અને એલએલબીની ડિગ્રી ધરાવે છે. ગુજરાતના નવા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વિદ્યાર્થી કાર્યકર તરીકે પોતાની કેરિયરની શરૂઆત કરી હતી. ત્યારબાદ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘમાં જોડાયા હતા અને ૧૯૭૧માં જનસંઘમાં જોડાયા હતા. ભાજપની રચના થયા બાદથી જ તેની અંદર તેઓ સામેલ રહ્યા છે. તેઓ વર્તમાન કેબિનેટમાં એકમાત્ર એવા મંત્રી હતા જે ઈમરજન્સી દરમિયાન જેલમાં પણ ગયા હતા. રાજકોટમાં કોર્પોરેટર તરીકેની સેવા પણ તેઓ આપી ચુક્યા છે. ત્યારબાદ મેયર રહ્યા હતા અને ત્યારબાદ રાજ્યસભાના સભ્ય તરીકે રહ્યા હતા. કેશુભાઈ પટેલની સરકાર દરમિયાન ચૂંટણી ઢંઢેરા કમિટિની ચેરમેન તરીકે પણ રહ્યા હતા. નરેન્દ્ર મોદી તરફથી તેમને હંમેશા સમર્થન રહ્યું છે. મોદી જ્યારે મુખ્યમંત્રી તરીકે હતા ત્યારે રૂપાણી ભાજપના ગુજરાત એકમના જનરલ સેક્રેટરી તરીકે હતા. સાથે સાથે ગુજરાત ફાઈનાન્સ બોર્ડના ચેરમેન તરીકે પણ હતા. ઓગસ્ટ ૨૦૧૪માં ગુજરાત વિધાનસભાના સ્પીકર તરીકે વજુભાઈ વાળા હતા ત્યારે તેમને કેટલાક મહત્વપૂર્ણ નિર્ણય કર્યા હતા. વિજય રૂપાણીએ ૧૯મી ઓક્ટોબર ૨૦૧૪ના દિવસે સારા અંતરથી પેટા ચૂંટણી જીતી હતી. આનંદીબેન પટેલના પ્રથમ કેબિનેટ વિસ્તરણમાં રૂપાણી પ્રધાન તરીકે હતા. હાલમાં તેઓ પરિવહન, જળ પુરવઠા, શ્રમ, રોજગાર પ્રધાન તરીકે હતા. વિજય રૂપાણી ૫મી ઓગસ્ટ ૨૦૧૬ના દિવસે ગુજરાતના નવા મુખ્યમંત્રી તરીકે આજે ચુંટાઈ આવ્યા હતા.

### વિજય રૂપાણી પ્રોફાઇલ

| | |
|---|---|
| જન્મતારીખ | : ૨-૮-૧૯૫૬ |
| નાગરિકતા | : ભારતીય |
| રાજકીય પાર્ટી | : ભાજપ |
| નિવાસસ્થાન | : રાજકોટ |
| પ્રોફેશન | : રાજકારણી |
| કેબિનેટ | : ગુજરાત સરકાર |
| ધર્મ | : જૈન |
| શિક્ષણ | : બીએ, એલએલબી |
| મુખ્યમંત્રી નિમાયા | : ૫-૮-૨૦૧૬ |
| પૂર્વગામી મુખ્યમંત્રી | : આનંદીબેન પટેલ |
| મત વિસ્તાર | : રાજકોટ પશ્ચિમ |
| કેરિયર શરૂ કરી | : વિદ્યાર્થી લીડર |
| જનસંઘમાં સામેલ | : ૧૯૭૧ |



## મુખ્યમંત્રીનો તાજ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજયના મુખ્યમંત્રી પદેથી આનંદીબેન પટેલે રાજીનામુ આપ્યા બાદ નવા મુખ્યમંત્રીની પસંદગી કરવા ભાજપના હાઈકમાન્ડે ભારે મનોમંથન કર્યા બાદ નિતિન પટેલને ગુજરાતના મુખ્યમંત્રી બનાવવાનું નિર્ણય લીધો હતો અને ભાજપના કેન્દ્રીય નિરીક્ષકો નિતિન ગડકરી તથા સરોજ પાંડેને ગુજરાત મોકલી ધારાસભ્યોની બેઠકમાં મુખ્યમંત્રીની પસંદગીની ઔપચારિકતા પુરી કરવા જણાવ્યું હતું. આ સંદર્ભમાં આજે ભાજપના ધારાસભ્યોની સાંજે ૪.૦૦ વાગે બેઠક બોલાવવાની જાહેરાત કરવામાં આવી હતી અને આ બેઠકમાં મુખ્યમંત્રીના નામની જાહેરાત થશે તેવું પક્ષ તરફથી જાહેર કરવામાં આવ્યું હતું. પરંતુ ધારાસભ્યોની બેઠક મળે તે પહેલા જ અમિત શાહ, નિતિન ગડકરી, સરોજ પાંડે, વિ.સતીષ તથા પ્રદેશ ભાજપના ટોચના આગેવાનોની બેઠકમાં ભારે વિવાદ સર્જાયો હતો એવું કહેવાઈ રહ્યું છે કે, ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહે ગુજરાતમાં ૨૦૧૭ની ચૂંટણી જીતવી હોય તો મારી પસંદગીના વિજય રૂપાણીને જ મુખ્યમંત્રી બનાવવા જોઈએ. જો પક્ષ તેમ કરવા તૈયાર ન હોય તો ચૂંટણી જીતાડવાની જવાબદારીમાંથી હુ મારી જાતને વિડ્રો કરવા તૈયાર છું. અમિત શાહને એક ઘા અને બે કટકા જેવી ગંભીર ચેતવણીથી ભાજપના નેતાઓ સ્તબ્ધ થઈ ગયા હતા અને તુરંત જ ભાજપના કેન્દ્રીય સગંઠન મંત્રી વિ.સતીષ બેઠકમાંથી બહાર નીકળી ગયા હતા અને ટેલિફોન ઉપર દિલ્હી તથા નાગપુરનો સંપર્ક કરી માર્ગદર્શન મેળવ્યું હતું. જેમાં ભાજપના રાષ્ટ્રીય પ્રમુખની લાગણીને ધ્યાનમાં લેવા દિશાનિર્દેશ મળ્યો હતો.

સુત્રોએ એમ પણ જણાવ્યું હતું કે, દિલ્હી તથા નાગપુરમાં થયેલી વાતચીત બાદ વિ.સતીષે નિતિન ગડકરી અને સરોજ પાંડે સાથે વાતચીત કરી અમિત શાહને તેમની લાગણીને ધ્યાનમાં રાખવાની હૈયા ધારણા આપી હતી અને ત્યારબાદ લગભગ દોઢ કલાકના વિલંબ બાદ ભાજપના ધારાસભ્યોની બેઠક શરૂ થઈ હતી. જેમાં નિતિન પટેલના બદલે વિજય રૂપાણીનું નામ મુખ્યમંત્રી પદ માટે જાહેર થતા ભારે અપસેટ સર્જાયો હતો. જ્યારે નિતિન પટેલની નાયબ મુખ્યમંત્રી પદ માટે પસંદગી કરવામાં આવી હતી. આ પ્રક્રિયા બાદ ભાજપના નેતાઓએ પસંદ કરાયેલા મુખ્યમંત્રી તથા નાયબ મુખ્યમંત્રી પદના ઉમેદવારોને પુષ્પ ગુચ્છ તથા ગુલાબના હાર વડે તેમનું અભિવાદન કર્યું હતું. જો કે ખુબ ઝડપથી બદલાયેલા ઘટનાક્રમમાં પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલના કોઈ પણ વખાણ કરવામાં ન હતા કે તેમને પ્રવચન કરવાની પણ તક આપવામાં આવી ન હતી.

## તખ્તો પલ્ટાયો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યો છે. એટલુ જ નહિ વીએલઓના પણ પરામર્શ કરી અમે નિર્ણય પર પહોંચ્યા હતા.

તેમણે એમ પણ જણાવ્યું હતુ કે સભ્યોની બેઠકમાં આનંદીબેન પટેલે જ પ્રસ્તાવ મુક્યો હતો અને ૧૦ થી વધુ નેતાઓએ તેનુ સમર્થન કર્યુ હતુ.

ભાજપમાં જે રીતે નવા નેતાની પસંદગીને લઈ તીવ્ર જૂથબંધી બહાર આવી છે તેને કારણે કાર્યકર્તામાં નિરાશા જોવા મળતી હતી.

## પવનચક્કી લગાવી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવશે. તોતિંગ પવનચક્કી ફીટ કરવા માટે કચ્છથી ક્રેઈન મંગાવામાં આવી હતી ભારેખમ વિન્ડ ટર્બાઈન ફીટ કરવા માટે ક્રેઈનનો ઉપયોગ કરવા માટે પ્રતિદિન રૂ ૧૦ લાખ ભાડાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આગામી દિવસોમાં બ્રિજની રોનક વધારવા માટે લાઈટીંગનુ કામ પણ હાથ ધરાશે. બ્રિજનુ બાકીનુ કામ હાથ ધરવા માટે આજે ચાઈનાથી ટીમ આવશે. કેબલ સ્ટેડ બ્રિજનુ કામ અંતિમ તબકાકામાં છે. ત્યારે છેલ્લા તબક્કામાં કેબલનુ કામ અન્વયે સ્ટ્રીપીંગની કામગીરી માટે ચાઈનાની ટીમ કામે લાગશે.

# ધ્રોલમાં ૧૩ ઇંચથી વધારે વરસાદ

અમદાવાદ, તા.૫

રાજયમાં છેલ્લા આઠ કલાક દરમિયાન રાજયના કુલ ૪૭ તાલુકાઓમાં નોંધનીય એવો એક થી તેર ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ જામનગર જિલ્લાના ધ્રોલ ખાતે ૧૩ ઈંચ, કાલાવાડ ખાતે નવ ઈંચ, દેવભૂમિ દ્વારકાના ખંભાળીયા અને જામનગર જામઝોધપુર તાલુકામાં આઠ આઠ ઈંચ, તેમજ ભાણવડ, લોધિકા, અને ઉમરગામમા પાંચ ઈંચથી વધુ વરસાદ થયો છે. રાજયના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૦૫.૦૮.૨૦૧૬ને સવારે ૮.૦૦ થી બપોરે ૪.૦૦ કલાક દરમિયાન રાણાવાવ ખાતે ચાર ઈંચ, તેમજ ધોરાજી, જામકંડોરણા, પડધરી, ઉપલેટા, લાલપુર, પોરબંદર અને કપરાડામાં ત્રણ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. તદઉપરાંત જેતપુર કોટડા સાંગાણી રાજકોટ, મોરબી, જોડીયા, કુતિયાણા, માળિયા, મેંદરડા, અને અબડાસામાં બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. રાજયના ૧૯ તાલુકાઓમાં એક ઈંચથી વધુ અને અઢાર તાલુકામાં અડધા ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. રાજયમાં વરસી રહેલા વરસાદે છેલ્લા ચોવીસ કલાક દરમ્યાન રાજયના ૧૦૭ તાલુકાઓમાં નોંધનીય વરસાદ વરસાવ્યો છે. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળીયામાં ૨૨૯ મી.મી. એટલે કે નવ ઈંચથી વધુ જામનગર જિલ્લાના લાલપુરમાં ૨૦૩ મી.મી એટલે કે આઠ ઈંચથી વધુ, અમદાવાદ જિલ્લાના અમદાવાદ શહેરમાં ૧૨૪ મી.મી. અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડમાં ૧૩૬ મી.મી. મળી કુલ બે તાલુકાઓમાં પાંચ ઈંચથી વધુ જ્યારે જામજોધપુર તાલુકામાં ૧૧૮ મી.મી. અને રાણાવાવમાં ૧૦૫ મી.મી. મળી કુલ બે તાલુકાઓમાં ચાર ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. રાજયના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૫-૮-૨૦૧૬ને સવારે ૭-૦૦ કલાકે પુરા થતાં ચોવીસ કલાક દરમ્યાન હારીજ તાલુકામાં ૮૨ મી.મી., જામનગરમાં ૭૮ મી.મી કલ્યાણપુરમાં ૭૭ મી.મી. કુતિયાણામાં ૮૧ મી.મી. જુનાગઢમાં ૭૪ મી.મી. અને જુનાગઢ શહેરમાં ૭૪ મી.મી. મળી કુલ છ તાલુકાઓમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત રાપર તાલુકામાં ૫૦ મી.મી. મેંધરજમાં ૬૭ મી.મી. કલોલમાં ૬૬ મી.મી. જામકંડોરણામાં ૭૦ મી.મી. જેતપુરમાં ૫૩ મી.મી. પોરબંદરમાં ૫૩ મી.મી. ભેંસાણમાં ૬૭ મી.મી. વંથલીમાં ૫૦ મી.મી. વીસાવદરમાં ૬૧ મી.મી, ખાંભામાં ૫૦ મી.મી. લાઠીમાં ૫૦ મી.મી. રાજુલામાં ૫૩ મી.મી. વડીયામાં ૫૭ મી.મી. ધોધબામાં ૫૪ મી.મી. વ્યારામાં ૫૧ મી.મી. અને ધરમપુરમાં ૫૧ મી.મી. મળી કુલ ૧૬ તાલુકાઓમાં બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે. આ ઉપરાંત રાજયના લખપત, નખત્રાણા, ચાણસ્મા, સમી, સુઈગામ, વીજયનગર, મોડાસા, માણસા, ધોળકા, સાણંદ, કંપડવજ, માતર, નડિયાદ, આણંદ, કલોલ, ધોરાજી, ઉપલેટા, મોરબી, કાલાવાડ, માણાવદર, માંગરોળ, તાલાળા, અમરેલી, બગસરા, લીલીયા, સાવરકુંડલા, ભાવનગર, ગારીયાધાર, મળી કુલ ૪૩ તાલુકાઓમાં એક ઈંચથી વધુ જ્યારે અન્ય ૩૬ તાલુકાઓમાં અડધો ઈંચ કરતા વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.